# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*******************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના દિબ્રુગઢ જિલ્લાના નામરૂપ ખાતે ૧૨ હજાર કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા ખાતર પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યું**
2. ભારત અને નેધરલેન્ડ્સે ગુજરાતના લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ પર સહયોગ માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા
3. ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસને કારણે વિમાની સેવાઓ ઉપર અસર - મુસાફરોને એરપોર્ટ પરથી સમયપત્રકની માહિતી મેળવીને મુસાફરી કરવા અપીલ
4. દક્ષિણ આફ્રિકાના જ્હોનિસબર્ગમાં આજે સશસ્ત્ર હુમલાખોરોએ કરેલા ગોળીબારમાં નવ લોકોના મોત અને અન્ય લોકો ઇજાગ્રસ્ત
5. અન્ડર-19 ક્રિકેટ એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ફાઇનલ મેચ

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV. DAY PM - ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના દિબ્રુગઢ જિલ્લાના નામરૂપ ખાતે ૧૨ હજાર કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા ખાતર પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ખાતર ઉત્પાદનને મજબૂત બનાવવા અને પ્રદેશમાં કૃષિ વિકાસને ટેકો આપવાનો છે. તેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૧૨.૭ લાખ મેટ્રિક ટન હશે. આસામની ખાતરની જરૂરિયાતો પૂરી કરવા ઉપરાંત, આ પ્લાન્ટ પડોશી રાજ્યોને લાભ આપશે, ખાતરની આયાત પર નિર્ભરતા ઘટાડશે, નોંધપાત્ર રોજગારીની તકો ઉભી કરશે અને પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ માટે ઉત્પ્રેરક તરીકે કાર્ય કરશે તેવી અપેક્ષા છે.

આ અગાઉ, પ્રધાનમંત્રીએ ગુવાહાટીના પશ્ચિમ બોરાગાંવ ખાતે શહિદ સ્મારક ક્ષેત્ર ખાતે આસામ ચળવળના શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

શ્રી મોદીએ આજે ગુવાહાટીમાં બ્રહ્મપુત્ર નદી ક્રૂઝ પર આસામના 25 તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે, સંવાદ કર્યો.

ગઈકાલે, શ્રી મોદીએ ગુવાહાટીમાં લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન તેમજ સંકુલના પ્રવેશદ્વાર પર આસામના પ્રથમ મુખ્યમંત્રી ભારતરત્ન લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈની પ્રતિમાનું પણ અનાવરણ કર્યું હતું. ઉદ્ઘાટન

દરમિયાન સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે આસામ અને સમગ્ર પૂર્વોત્તર ભારતના વિકાસ માટે એક નવા પ્રવેશદ્વાર તરીકે ઉભરી રહ્યા છે.

**(BYTE – PM ON GOWHATI)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA NETHARLANDS MOU LOTHAL

ભારત અને નેધરલેન્ડ્સે ગુજરાતના લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ પર સહયોગ માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા..સર્બાનંદ સોનોવાલે જણાવ્યું, "આ કરારનો ઉદ્દેશ્ય દરિયાઈ વારસો, સંગ્રહાલય ડિઝાઇન અને સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં વૈશ્વિક સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર અને ડચ વિદેશ મંત્રી ડેવિડ વાન વીલ વચ્ચે દ્વિપક્ષીય બેઠક દરમિયાન આ સમજૂતી કરારનું આદાન પ્રદાન કરવામાં આવ્યું હતું. આ કરાર હેઠળ બંને પક્ષો દરિયાઈ સંગ્રહાલય ડિઝાઇન, ક્યુરેશન અને સંરક્ષણમાં જ્ઞાન, કુશળતા અને શ્રેષ્ઠ પ્રથાઓનું આદાનપ્રદાન કરવા માટે સહયોગ કરશે.

આ ભાગીદારી સંયુક્ત પ્રદર્શનો, સંશોધન પ્રોજેક્ટ્સ અને સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમોને પણ પ્રોત્સાહન આપશે તેમજ મુલાકાતીઓના

અનુભવ, શિક્ષણ અને જાહેર સંપર્કને સુધારવા માટે નવા વિકલ્પોની ચર્ચા કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA MYANMAR QIP

ભારતે મ્યાનમારને ત્રણ ત્વરિત પ્રભાવ પરિયોજનાઓ આપી છે. આ પ્રોજેક્ટ્સ મ્યાનમારના માન્ડલે પ્રદેશના લોકોના સામાજિક અને આર્થિક લાભ માટે છે. આ પ્રોજેક્ટ હેઠળ, માન્ડલે પ્રદેશના અમરાપુરામાં સોન્ડર વણાટ અને વોકેશનલ ઇન્સ્ટિટ્યૂટ ખાતે ભારતમાં ઉત્પાદિત એક આધુનિક, હાઇ-ટેક વણાટ મશીન, એક રેપિયર લૂમ સ્થાપિત કરવામાં આવ્યું છે. આનો ઉદ્દેશ્ય વણાટમાં વ્યાવસાયિક શિક્ષણના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

બીજા પ્રોજેક્ટમાં માન્ડલેમાં કન્યા તાલીમ શાળા માટે એક ઇમારતનું નિર્માણ શામેલ છે, નવી શાળા ઇમારતનો ઉદ્દેશ્ય પ્રદેશની યુવાન મહિલા વિદ્યાર્થીઓ માટે એક જગ્યા ધરાવતી, સલામત અને આરામદાયક શિક્ષણ વાતાવરણ પૂરું પાડવાનો છે.

ધીમે ધીમે ક્ષીણ થતા કૃષિ કચરાના ઉત્પાદનો સાથે વાયર-મુક્ત અને સૂકા પ્રકારના ગેસિફિકેશન પ્રક્રિયાની તપાસ કરવા માટે ત્રીજા પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પહેલ ગ્રામીણ વીજળીકરણ,

સ્વચ્છ ઉર્જા વિકાસ અને પર્યાવરણીય સંરક્ષણને પ્રોત્સાહન આપે છે, સાથે સાથે સ્થાનિક ક્ષમતા નિર્માણને પણ પ્રોત્સાહન આપે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## AAI-FLIGHTS

ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં ધુમ્મસની સ્થિતિ દૃશ્યતાને અસર કરી રહી છે અને પસંદગીના એરપોર્ટ પર ઉડ્ડયનો ઉપર અસર થઇ શકે છે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ મુસાફરોને સમયપત્રકની છેલ્લી ઘડીની માહિતી તપાસીને મુસાફરી કરવા અપીલ કરી છે. મુસાફરોની સહાય માટે એરપોર્ટ પર મુસાફરો સહાય ટીમો તૈનાત કરવામાં આવી છે જેથી મુસાફરી સહાય પૂરી પાડી શકાય.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

**NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# EPSTEIN FILES

**અમેરિકા ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસના દોષિત જાતીય ગુનેગાર જેફરી એપ્સ્ટેઇન સંબંધિત હજારો ફાઇલો પ્રસિધ્ધ થઇ રહી છે. ડેમોક્રેટ્સે આરોપ લગાવ્યો છે કે એપ્સ્ટેઇન રિલીઝની ઘણી ફાઇલો એક જ દિવસમાં ન્યાય વિભાગના જાહેર વેબપેજ પરથી ગાયબ થઈ ગઈ હતી, જેમાં અમેરિકના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોટો પણ સામેલ હતો.**

**જોકે, ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે આરોપોને નકાર્યા છે અને કહ્યું છે કે તે કોઈપણ રાજકારણીઓના નામ સંપાદિત કરી રહ્યું નથી. ડેપ્યુટી એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે જણાવ્યું હતું કે દસ્તાવેજો પર લાગુ કરવામાં આવતા ફક્ત કાયદા દ્વારા જરૂરી સુધારાઓ છે.**

**ટ્રમ્પ વહીવટીતંત્રે એમ પણ કહ્યું છે કે તે પીડિતોનું રક્ષણ કરતી વખતે ઐતિહાસિક પારદર્શકતા રાખવામાં આવી રહી છે.**

**. . . . . . . . . . . . . . . . . . . . . .**

## SOUTH AFRICA SHOOTING

દક્ષિણ આફ્રિકામાં, આજે સશસ્ત્ર હુમલાખોરોએ કરેલા ગોળીબારમાં નવ લોકોના મોત અને અન્ય લોકો ઇજાગ્રસ્ત થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ નજીક વેસ્ટ રેન્ડ વિસ્તારમાં બની હતી. પોલીસે જણાવ્યું હતું કે તપાસ ચાલી રહી છે અને અત્યાર સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VENEZUELA VESSELS

**વોશિંગ્ટને કારાકાસ પર દબાણ વધાર્યું છે, જેનાથી અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ વધુ વધ્યો છે.**

**અમેરિકાએ વેનેઝુએલા પર આર્થિક નુકસાન પહોંચાડ્યું છે.જેનાથી તેના સમગ્ર વિદેશી વેપારમાં ખલેલ પહોંચી છે. ખૂબ જ કડક વલણ અપનાવતા, અમેરિકાએ બીજા વેનેઝુએલાના વેપારી જહાજને જપ્ત કર્યું છે. દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે, નિકોલસ માદુરો સરકારને કડક ચેતવણી આપી છે.**

અધિકારીના જણાવ્યા અનુસાર,"અમેરિકાએ વેનેઝુએલાના દરિયાકાંઠે આ જહાજને જપ્ત કર્યું હતું, જે આ મહિને આવી બીજી ઘટના છે. ટ્રમ્પે દેશમાં પરિવહન કરતા પ્રતિબંધિત તેલ ટેન્કરો પર નાકાબંધીની જાહેરાત કર્યા પછી આ ઘટના બની છે.

અમેરિકાએ પહેલા 10 ડિસેમ્બરના રોજ સ્કીપર નામના મોટા તેલ ટેન્કરને જપ્ત કર્યું હતું." અધિકારીના જણાવ્યા અનુસાર,"નવા જપ્ત કરાયેલા જહાજ પર પનામાનો ધ્વજ લહેરાતો હતો અને તે વેનેઝુએલાના તેલ વહન કરતા એશિયા જવાની તૈયારી કરી રહ્યું હતું."

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## CRICKET U19 ASIA CUP FINAL

દુબઈમાં, અંડર – 19 એશિયા કપની ફાઈનલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ રહી છે. ભારતીય ટીમે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. હાલમાં મળતાં અહેવાલ મુજબ, પાકિસ્તાને 39 ઑવરમાં 3 વિકેટ ગુમાવી 267 રન કર્યા છે.

અગાઉ સેમિ-ફાઈનલમાં ભારતે શ્રીલંકા અને પાકિસ્તાને બાંગ્લાદેશની ટીમને હરાવી હતી. ઉલ્લેખનીય છે કે, ભારત અંડર 19 એશિયા કપ આઠ વખત જીતી ચૂક્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SAFE- WOMEN'S CHAMPIONSHIP 2025

ગઈકાલે નેપાળના કાઠમંડુમાં રમાયેલી ફાઇનલમાં ઇસ્ટ બંગાળ એફસીએ યજમાન નેપાળની આર્મ્ડ પોલીસ ટીમની સામે 3-0થી વિજય મેળવી પ્રથમ SAFF મહિલા ક્લબ ચેમ્પિયનશિપ 2025નો ખિતાબ પોતાના નામે કરી લીધો છે.

આ જીત સાથે, ઇસ્ટ બંગાળ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ક્લબ બની ગયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## REV. KOLKATA - CINEMA

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને પીપલ ફોર એનિમલ્સ સંગઠનના પ્રમુખ મેનકા સંજય ગાંધીએ કહ્યું છે કે સિનેમા એક શક્તિશાળી સાંસ્કૃતિક માધ્યમ છે જેનો ઉપયોગ કુદરતી પર્યાવરણ અને વન્યજીવન વિશે જાગૃતિ લાવવા માટે થઈ શકે છે. સુશ્રી ગાંધીએ ગઈકાલે કોલકાતામાં

ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને પીપલ ફોર એનિમલ્સ દ્વારા સંયુક્ત રીતે આયોજિત સિનેકાઇન્ડ એવોર્ડ સમારોહમાં આ વાત કહી હતી.

ડૉ. હર્ષા આત્મકુડીને ફિલ્મ "મા કા દૂધ" (માતાનું દૂધ) માટે સિનેકાઇન્ડ કમ્પેશન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ડોલી વ્યાસ-આહુજા અને આર્યમન રામસેને ફિલ્મ "ધ લેન્ડ ઓફ અહિંસા" માટે ડિરેક્ટર ઓફ ચેન્જ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. નિર્મલ વર્માને ફિલ્મ "કીપર ઓફ ધ લાસ્ટ હર્ડ" માટે સિનેમેટિક ઇમ્પેક્ટ એવોર્ડ મળ્યો હતો.

આ સમારોહમાં ગાયક બાબુલ સુપ્રિયો અને અભિનેત્રી દેબશ્રી રોય સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## POLICE BAND COMPETITION

સિકંદરાબાદના મૌલા અલી ખાતે યોજાયેલી 26મી ઓલ ઈન્ડિયા પોલીસ બેન્ડ સ્પર્ધામાં રેલ્વે પ્રોટેક્શન ફોર્સ- RPFએ પુરુષોની બ્રાસ બેન્ડ શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવ્યું. આસામ રાઈફલ્સ અને BSF એ બીજું સ્થાન મેળવ્યું. મહિલા બ્રાસ બેન્ડ શ્રેણીમાં CISF વિજેતા બન્યું, જ્યારે સશસ્ત્ર સીમા દળ SSBબીજા ક્રમે રહ્યું. મહારાષ્ટ્રે પુરુષોની શ્રેણીમાં અને CISF એ મહિલા શ્રેણીમાં જીત મેળવી.

કોલસા ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ ગઈકાલે સાંજે શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા બેન્ડને પુરસ્કારો અર્પણ કર્યા. શ્રી રેડ્ડીએ આ કાર્યક્રમની યાદમાં એક મેગેઝિનનું પણ વિમોચન કર્યું. તેમણે પોલીસ કર્મચારીઓની ભૂમિકાની પ્રશંસા કરી અને સ્પર્ધાઓનું આયોજન કરવા બદલ **RPF** ને અભિનંદન પાઠવ્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .